# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૪૯ /૨૦૧૮
## તા. ૧૯ /૧૧/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૧/૧૧/૨૦૧૮ ના રોજ ઇદે મિલાદ જુલુસ નિમીત્તે વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૧/૧૧/૨૦૧૮ ના રોજ ઇદે મિલાદ જુલુશ નિમીત્તે જમાલપુર હેબતખાનની મઝીદ જમાલપુર દરવાજા પાસેથી કલાક ૧૪.૦૦ વાગે જુલુસ નીકળી જમાલપુર ચકલા થઇ જે.એલ. હાઇસ્કુલના રસ્તે થઇ ભદ્ર પ્લાઝામાંથી ખાસ બજાર કોલસા ગલી થઇ પથ્થરકુવા રીલીફ રોડ થઇ લાલદરવાજા વીજળીઘર થઇ દિનબાઇ ટાવર થઇ મિરઝાપુર કુરેશી ચોકમાં જશે. જે દરમિયાન નીચે મુજબના રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

૧. જમાલપુર ચાર રસ્તાથી ખમાસા તરફ આવ જા કરી શકાશે નહી.
૨. રાયખડ ચાર રસ્તાથી ગોળ લીમડા સુધીનો રોડ વાહન વ્યવહાર બંધ રહેશે.
૩. પાનકોર નાંકાથી લાલ દરવાજા સુધીનો રોડ વાહન વ્યવહાર બંધ રહેશે.
૪. ઘી-કાંટા ચાર રસ્તાથી વિજળીઘરથી લાલદરવાજા તરફનો રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.
૫. દિલ્હી ચકલાથી મિરઝાપુર રોડ થી લકી હોટલથી વિજળીઘર તરફ આવ-જા કરી શકાશે નહી.

**એ.એમ.ટી.એસ.બસો :-**

- લાલ દરવાજાથી મિરઝાપુર થઇ દિલ્હી દરવાજા સુધી આવ-જા કરી શકાશે નહી.
- લાલ દરવાજા થી રાયખડ થઇ ખમાસા થઇ આસ્ટોડીયા દરવાજા તરફ આવ-જા કરી શકાશે નહી.

**વૈકલ્પિક રુટ :-**

- લાલ દરવાજાથી રૂપાલી સિનેમા કામા હોટલથી શાહપુર ચાર રસ્તા થઇ દિલ્હી દરવાજા તરફ આવ-જા કરી શકાશે.
- એ.એમ.ટી.એસ. બસો લાલ દરવાજા રાયખડથી જમણી બાજુ વળી ગાયકવાડ હવેલી થઇ જમાલપુર ચાર રસ્તા થઇ સ્લોટર હાઉસ ગીતામંદીરથી આસ્ટોડીયા તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૧/૧૧/૨૦૧૮ ના બપોર કલાક ૧૪.૦૦ થી જુલુસ પુરુ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯ /૧૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૧૯/૧૧/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :